<u>**ક્રિમીનલ કેસ નં. 3700522/2015**</u>

## <u>આંક–1 લગત હુકમ</u>

આજરોજ વારંવાર પોકાર કરતાં ફરીયાદી કે તેના વિ.વ.શ્રી હાજર રહેલા નથી. કોઇ રીપોર્ટ રજુ કરેલો નથી. સદર કામે નેગો.ઇન્સ્ટ્રુમેન્ટ કલમ–138 અન્વયે ફરીયાદીએ ફરીયાદ 07/11/2015 ના રોજ દાખલ કરેલ છે, ત્યારબાદ સદર કેસમાં રેકર્ડ ધ્યાને લેતાં આ કામના ફરીયાદી ગેરહાજર રહેતા હોઇ તેઓને નોટીસ કાઢતા જે નોટીસ આંક–7 થી તા. 16/10/2025 ના રોજ બજી ગયેલ છે, ત્યારબાદ ફરીયાદી તર્ફે આરોપીનું નવું સરનામું રજુ કરવા મુદત માંગેલ છે, ત્યારબાદ તા. 25/5/2026 ના રોજ ફરીયાદી બહારગામ હોઇ મુદત માંગેલ છે જેમાં છેલ્લી મુદત મંજુર કરવામાં આવેલ છે. આજરોજ આરોપીના સરનામાના ખુલાસા માટે હોઇ ફરીયાદી કે તેના વકીલશ્રી હાજર રહેલા નથી.

આ સબંધે નામ.સુપ્રીમ કોર્ટે એસ.રામાક્રિષ્ના વિ. રામીરેડ્ડી, (૨૦૦૮)(૦) એ.આઈ.આર. (એસ.સી.) ૨૦૬૬ના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત મુજબ ફરિયાદીને અચોકકસ સમયગાળા માટે ફરિયાદ પડતર રાખી મુકવા માટે અનુમતિ આપી શકાય નહીં તે સાથો સાથ નામ.ગુજરાત હાઈકોર્ટનો ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ક્રીમીનલ અપીલ નંબર: ૨૪૦૫/૦૯ તા.૧૮.૧.૧૦નો ચૂકાદો ધ્યાને લેતાં તેમાં નામ.ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, ફરિયાદી કે તેમના વિ.વ.શ્રી લાંબા સમયથી કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય કે કાર્યવાહી આગળ ધપાવવા કોઈ સક્રીય પ્રયાસ કરતાં ના હોય તો તેને ફરિયાદ પક્ષની બેદરકારી કહેવી પડે અને તેવી બેદરકારી સબબ ફરિયાદ રદ થવાને પાત્ર છે. વધુમા નામદાર સર્વોચ્ચ અદાલતના ઈન્ડીયન બેંક એસોસીએશનનો ન્યાયીક નિણર્યમા નામદાર સર્વોચ્ચ અદાલતે કરેલા અવલોકન ધ્યાને લઈ આપેલ ડાયરેકશન ધ્યાનમા રાખતા, આ

કામે લાંબા સમયથી કોઈ કાર્યવાહી થયેલ નથી ત્યારે રેકર્ડકીય સમગ્ર હકીકત નજર સમક્ષ રાખતા નીચે મુજબ હુકમ કરવો યોગ્ય ન્યાયી અને વ્યાજબી જણાયેલ છે.

**હુકમ**

હાલની ફરીયાદ ક્રિમી.પ્રોસી.કોડની કલમ–256 ની જોગવાઇ મુજબ ફરીયાદીની બેદરકારી અને કસુરના કારણે ફરીયાદ રદ કરવાનો Dismiss For Default હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. 29/06/2026 ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Place : અમદાવાદ ( કુશાન.એમ.વ્યાસ )

Date : 29/06/2026 JUDGE CODE-GJ01201

24th એડી. ચીફ જ્યુ.મેજી.

મુ.અમદાવાદ સીટી.